L09003702490
Party Name: M (s&a)
Received Date 22/08/2012

ક્રમાંક : જીઆઈડીસી / ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/ પોલીસી / ૧ (૧૦) / ૨૮
જીઆઈડીસી, ઉધોગભવન, ગાંધીનગર
તા.૨૧/૦૮/૨૦૧૨.

// પરિપત્ર //

વિષય : પ્લોટનાં પેટા–વિભાજન કે ફેરફારની સત્તા જો અન્ય સત્તા મંડળ પાસે હોય તો જીઆઈડીસીનું "ના વાંધા પ્રમાણપત્ર" મેળવ્યા વગર મંજુર નહી કરવા બાબત.

સંદર્ભ : GIDC / O & M/ Sr.ATP/28 Dated. 08/07/2010.

નિગમની જુદી–જુદી વસાહતો કે જે મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા કે શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળની હદમાં આવતી હોય અને તેવી વસાહતોનાં કોઈ ફાળવણીદાર ધ્વારા નિગમનું "ના વાંધા પ્રમાણપત્ર" મેળવ્યા સિવાય નકશો મંજુર કરાવેલ હોય, પેટા વિભાજન મંજુર કરાવેલ હોય અથવા તો એકત્રીકરણ કે વધારાના બાંધકામ માટેના કોઈ પ્લાન મંજુર કરાવેલ હોય અને તેઓ આ રીતે મંજુર કરાવેલ પ્લાન જો નિયમિત કરવા માટે નિગમને અરજી કરે તો નિગમની તા. ૧૧/૦૭/૨૦૧૨ તથા તા. ૧૬/૦૭/૨૦૧૨ ના રોજ મળેલ ૪૬૬ મી સભામાં રજુ કરવામાં આવેલ કાર્યસુચિ ઉપર પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક : ૮૪/ વિતરણ / ૪૬૬ મુજબ જે કોઈ ફાળવણીદારના પ્લાન ઉપર દર્શાવેલ સ્થાનિક સંસ્થા ધ્વારા તા. ૩૦/૬/૨૦૧૨ પહેલા મંજુર થયેલ હોય તો તેવા કિસ્સાઓમાં પ્રવર્તમાન વિતરણ દરનાં ૨૫ % દંડની રકમ વસુલ લઈ નિયમિત કરી આપવા અંગેની દરખાસ્ત વડી કચેરીમાં નિર્ણય અર્થે મોકલવાની રહેશે.

તદ્ઉપરાંત તા. ૧/૭/૨૦૧૨ પછી નિગમની પૂર્વ મંજુર સિવાય આવા કોઈપણ પેટા વિભાજન મંજુર કરાવેલ હોય અથવા તો એકત્રીકરણ કે વધારાના બાંધકામ માટેના કોઈ પ્લાન મંજુર કરાવેલ હોય તો તેને નિયમિત ન કરવાનું તેમજ તે અંગેની કોઈપણ દરખાસ્ત વડી કચેરીને મોકલવાની રહેશે નહી, તેની નોંધ તમામ ક્ષેત્રિય કચેરીનાં વડાએ લેવાની રહેશે.

આ પરીપત્રનો ચુસ્તપણે અમલ ઉપરોકત દર્શાવેલ તારીખથી ચુસ્તપણે કરવાનો રહેશે તથા પરીપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રીના નામજોગ પાઠવવી.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

- નિગમનાં તમામ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણસારૂ.
- મેનેજરશ્રી ( એસ.એન્ડ એ.), જીઆઈડીસી, ગાંધીનગર તરફ સદર પરીપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યું,
જનરલ મેનેજર ( ઈ એન્ડ એ)

MANAGER (COMPUTER )